# પ્રથમ શહીદ સ્તેફાન
# ફાધર વર્ગીસ પૉલ

બાઇબલના નવા કરારનો ગ્રંથ "પ્રેષિતોનાં ચરિતો"માંથી આપણે સ્તેફાન વિશે જાણીએ છીએ. સ્તેફાન નામનો અર્થ ગ્રીકમાં મુગટ કે હાર થાય છે. પ્રેષિતોએ પસંદ કરેલા સાત સહાયકોમાં સ્તેફાન એક હતા. પ્રેષિતોનાં ચરિતોના અધ્યાય ૬ અને ૭માં મુખ્યત્વે સ્તેફાનને લગતી વાત હોય છે.

ઈસુના પુનરુત્થાન પછીના એકાદ વર્ષમાં એમના શિષ્યો અને અનુયાયીઓની સંખ્યા આશરે ૫૦૦૦ જેટલી થઇ હતી. ઈસુના બાર પ્રેષિતો આટલા બધા અનુયાયીઓ માટે વાણીની ઘોષણા અને ભાણાંની સેવા કરી શકતા નહોતા. વળી, રોજ અન્ન વહેંચવા અંગે ગ્રીકભાષી લોકો અને હિબ્રૂભાષી લોકો વચ્ચે બડબડાટ પણ થયો. એટલે પ્રેચિતોના ચરિતો નોંધે છે, "એ દિવસોમાં શિષ્યોની સંખ્યા વધતી જતી હતી ત્યારે ગ્રીકભાષી લોકોએ હિબ્રૂભાષી લોકો વિરુદ્ધ બડબડાટ શરૂ કર્યોર્ કે, 'રોજ અન્ન વહેંચતી વખતે અમારી વિધવાઓની ઉપેક્ષા કરવામાં આવે છે' " (પ્રે.ચ. ૬,૧).

આ સંદર્ભમાં બાર પ્રેષિતોએ બધા શિષ્યોને ભેગા કરીને એમનામાંથી સાત પ્રતિષ્ઠિત માણસોને અન્ન વહેંચણી જેવાં કામો વ્યવસ્થિત રીતે કરવા માટે પસંદ કરવાની સૂચના મૂકી. સ્તેફાન એમાં એક હતો.

"આ સૂચના સૌને પસંદ પડી, અને તેમણે જે શ્રદ્ધા અને પવિત્ર આત્માથી સભર ભર્યોર્ હતો એવા સ્તેફાનને, અને ફિલિપને, પ્રોખરસને, નિકાનોરને, તિમોનને, પાર્મેનાસને તથા જેણે પહેલાં યહૂદી ધર્મનો સ્વીકાર કર્યોર્ હતો તે અંત્યોખના નિકલાઉસને ચૂંટી કાઢયા. એ બધાને તેમણએ પ્રેષિતો આગળ રજૂ કર્યા, અને પ્રેષિતોએ પ્રાર્થના કરીને તેમને માથે હાથ મૂકયા" (પ્રે.ચ.૬, ૫-૬).

પ્રેષિતોએ સહાયકોમાં આગ્રહ રાખ્યા મુજબ સ્તેફાન પોતાના લોકો વચ્ચે પ્રતિષ્ઠિત માણસ હતા અને તેઓ પવિત્ર આત્માથી સભર હતા. વળી, તેમનામાં વહેવારબુદ્ધિ પણ હતી. એટલે યહૂદી સભાગૃહના બંધનમુકતો કહેવાતા કેટલાક માણસો તેમજ કેટલાક ગ્રીક લોકો સ્તેફાન સાથે વાદવિવાદ કરવા આવ્યા. પ્રેષિતોનાં ચરિતો નોંધે છે,

"સ્તેફાનને પ્રભુની કૃપા અને શકિત ભરપૂર મળેલી હતી. તેણે લોકોમાં મોટા ચમત્કારો અને પરચા બતાવવા માંડયા. પણ બંધનમુકતોના કહેવાતા સભાગૃહના કેટલાક માણસોએ અને કુરેને, આલેકસાંડ્રિયા તેમ જ કિલીકિયા અને આસિયાના કેટલાક

માણસોએ આવીને સ્તેફાન સાથે વાદવિવાદ કરવા માંડયો. પણ તે પવિત્ર આત્માની પ્રેરણાથી એવી જ્ઞાનભરી વાણી બોલતો હતો કે તેની આગળ તેઓ ટક્કર ઝીલી શકયા નહી" (પ્રે.ચ. ૬, ૮-૧૦).

વાદવિવાદમાં હારેલા સ્તેફાનના વિરોધીઓએ એમને પછાડવા માટે અવળો રસ્તો લઇને એમને કેદમાં પકડયા. "ત્યારે તેમણે એવા માણસો ઊભા કર્યા જેમણે કહ્ ।ુ ં કે, 'અમે એને મોશેની અને ઇશ્વરની નિન્દાનાં વચનો ઉચ્ચારતો સાંભળ્યો છે.'

"આમ, તેઓએ લોકોને, આગેવાનોને અને શાસ્ત્રીઓને ઉશ્કેરી મૂકયા અને સ્તેફાન ઉપર તૂટી પડી, તેને પકડીને વરિષ્ઠસભા સમક્ષ લઇ જઇ ખોટા સાક્ષીઓ ઊભા કરી કહેવડાવ્યું કે, 'આ માણસ આખો વખત આ પવિત્ર સ્થાનની અને શાસ્ત્રની વિરુદ્ધ બોલ્યા કરે છે. અમે એને એવું કહેતા સાંભળ્યો છે કે, 'આ નાસરેથવાળો ઈસુ આ સ્થાનનો નાશ કરશે અને મોશેએ આપણને આપેલા રીતરિવાજોને બદલી નાખશે' " (પ્રે. ચ. ૬, ૧૧-૧૪).

વરિષ્ઠસભા અને વડાપુરોહિત સમક્ષ પોતાનો બચાવ કરવાનો વારો આવ્યો ત્યારે સ્તેફાને નિડરતાથી કહ્ ।ુ ં "ભાઇઓ અને વડીલો, સાંભળો. આપણા પૂર્વજ અબાહામ હારાનમાં આવીને રહ્ । । તે પહેલાં મેસોપોતામિયા હતા ત્યારે મહિમાવંત ઈશ્વરે તેમને દર્શન દઇને કહ્યું હતું, 'તારા દેશને અને સગાંવહાલાંને છોડીને હું બતાવું તે દેશમાં ચાલ્યો આવ'... " (પ્રે.ચ. ૭, ૨-૩).

આમ અબાહામથી માંડી ઈસુના મૃત્યુ સુધીના યહૂદીઓનો ધાર્મિક ઇતિહાસ સ્તેફાનો સૌને કહી સંભળાવ્યો. સ્તેફાનની છેલ્લી વાતમાં વડાપુરોહિત અને વરિષ્ઠસભાના લોકો સામે સીધો આક્ષેપ હતો.

"તમે કેવા જિદ્ ્ી છો! તમારાં હ્રદય અને કાન ધર્મવિમુખ જ રહ્ । ।ં છે; તમે હંમેશાં પવિત્ર આત્માનો વિરોધ કરો છો. તમારા વડવાઓએ કર્યું તે જ તમે કરો છો. તમારા પૂર્વજોએ કયા પયગંબરને સતાવ્યા નહોતા? જેમણે જેમણે ઈશ્વરે મોકલેલ ધર્મપુરુષના આગમનની આગાહી કરી હતી તેમને એ લોકોએ મારી નાખ્યા હતા, અને હવે તમે એ ધર્મના અવતારનો વિશ્વાસઘાત કયોર્ છે અને તેનું ખૂન કર્યું છે. તમને તો દેવદૂતો મારફતે ધર્મસંહિતા મળી છે, છતાં તમે તે પાળી નથી" (પ્રે. ચ. ૭, ૫૧-૫૩).

આમ સ્તેફાને વડાપુરોહિત અને તેમની વરિષ્ઠસભાને ઈસુનો વિશ્વાસઘાત અને તેમના ખૂનના જવાબદાર ઠરાવ્યા ત્યારે સ્તેફાન વિરુદ્ધ તેઓ દાંત કચકચાવવા લાગ્યા. તે પ્રસંગે સ્તેફાનને એક દિવ્યદર્શન થયું.

"પણ પવિત્ર આત્માથી જે સભર ભર્યો હતો એવા સ્તેફાને આકાશ તરફ મીટ માંડી તો તેને ઈશ્વરના મહિમાનાં દર્શન થયાં, અને તેણે ઈસુને ઈશ્વરના જમણે હાથે ઊભેલા જોયા. તે બોલી ઊઠયો, 'જુઓ, જુઓ, આકાશ ખૂલી ગયું છે, અને હું માનવપુત્રને ઈશ્વરને જમણે હાથે ઊભેલો જોઉં છું!' " (પ્રે.ચ. ૭, ૫૫-૫૬).

આ સાંભળીને સ્તેફાનના વિરોધીઓનો રોષ ભભૂકી ઊઠયો અને તેઓ તેમને શહેર બહાર ધકેલી જઇ પથરા મારવા લાગ્યા. પથ્થરના ઘા પડતા સ્તેફાને મોટેથી પોતાના વિરોધીઓ માટે પ્રાર્થના કરી.

" 'પ્રભુ ઈસુ, મારા પ્રાણને સંભાળી લો.'

"પછી તે ઘૂંટણિયે પડીને મોટે સાદે બોલી ઊઠયો, 'પ્રભુ , આ પાપ એમને માથે ચડાવશો નહિ.' એટલું કહીને તે ચિરનિદ્રામાં પોઢી ગયો" (પ્રે.ચ. ૭, ૫૯-૬૦).

સ્તેફાન ઈસુની જેમ જ મૃત્યુને વર્યા. તેમણે પોતાને પથ્થર મારીને મારી નાખનાર વિરોધીઓ માટે પ્રાર્થના કરી અને તેમને માટે પ્રભુ ઈસુ પાસે માફી માગી. આ રીતે છેલ્લી ઘડી સુધી હિંમતથી વિરોધીઓને માટે પ્રાર્થના કરવામાં અને માફી આપવામાં સ્તેફાને પોતાના વિરોધીઓ પરના પ્રેમની જીત બતાવી.

યરુશાલેમના ઉત્તર ભાગમાં 'સ્તેફાનને પથ્થર મારો' નામે એક દેવળ હતું. યરુશાલેમમાં એ દેવળની જગ્યાએ ઇસ્વીસન ૪૬૦માં એમ્પરસ એઉડોસિયાએ સંત સ્તેફાનના નામે એક મહાદેવળ અને સહાયકો (ડીકન્સ)ની તાલીમ માટે એક મઠ સ્થાપ્યાં હતાં. બારમી સદીમાં મહાદેવળ અને મઠને જમીનદોસ્ત કરવામાં આવ્યાં હતાં. પરંતુ ૧૮૮૧માં દોમેનિકન ફાધરોએ જુના મહાદેવળવાળી જગ્યા મેળવીને ત્યાં નવેસરથી સંત સ્તેફાન દેવળ બાંધ્યું. આજે યરુશાલેમને ફરતે બાંધેલી જૂની દીવાલનો એક દરવાજો સ્તેફાન ગેટ કે લાયન ગેટ નામે પણ ઓળખાય છે.

'પ્રેષિતોનાં ચરિતો'માં નોંધવામાં આવ્યું છે કે, "કેટલાક ભકિતપરાયણ માણસોએ સ્તેફાનને દફનાવ્યો અને તેની પાછળ પુષ્કળ શોક કર્યો" (પ્રે.ચ. ૮, ૨). સ્તેફાનના જીવન અને મૃત્યુના દાખલા લઇને પ્રથમ સદીથી ખ્રિસ્તી ધર્મના ઇતિહાસમાં શહીદોનું લશ્કર કે વણજારો થઇ ગઇ છે.

મધ્યયુગથી યુરોપના ખ્રિસ્તીઓ વચ્ચે સંત સ્તેફાન એક ખૂબ લોકપ્રિય સંત છે. એટલે એમનું નામ જુના યજ્ઞસ્તોત્રની પ્રાર્થનામાં સમાવેશ થયો છે. રોજની પરમપૂજામાં દરેક પુરોહિત પ્રાર્થના કરતા હતા કે, "તમારા પ્રેષિતો અને ધર્મશહિદો સ્નાનસંસ્કારક યોહાન, સ્તેફાન, મથ્થિયા અને બાર્નાબાસ તેમ જ સર્વ સંતોના સંગમાં એમને સ્થાન

આપવાની કૃપા કરો." આજે પણ પરમપૂજામાં પ્રથમ યજ્ઞસ્તોત્રો પસંદ કરનાર પુરોહિત એ જ પ્રાર્થના બોલે છે.

ભારતમાં પણ સંત સ્તેફાન એક લોકપ્રિય સંત છે. એટલે એમને નામે દેવળ, દવાખાનું અને સ્કૂલ જેવી સંસ્થાઓના નામ પાડવામાં આવે છે. સંત સ્તેફાનનો તહેવાલ નાતાલના દિવસ પછી તરત જ ડિસેમ્બરની ૨૬મી તારીખે ઉજવવામાં આવે છે. સંત સ્તેફાનના ગુણોથી પ્રભાવિત થઇને દુનિયાભરના ખ્રિસ્તી માબાપ પોતાના દિકરાને સ્તેફાન કે સ્ટીફન નામ આપે છે.